## ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના 'એઆઈસીઆરપી ઓન સીડ્સ-ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' અંતર્ગત વિભાગીય સંશોધન કેંદ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા મુ. શખાન્દ્રા, તા. બોડેલી જી. છોટાઉ દેપુર ખાતે તા. ૧૬ મે ૨૦૨૩ ના રોજ મગ પાક અંગે ફિલ્ડ ડે કાર્યક્રમ યોજાયો

વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના 'એઆઈસીઆરપી ઓન સીડ્સ-ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' અંતર્ગત મુ. શખાન્દ્રા, તા. બોડેલી જી. છોટાઉ દેપુર ખાતે તા. ૧૬ મે ૨૦૨૩ ના રોજ 'મગ પાક' અંગે ફિલ્ડ ડે નું આયોજન કરવામાં આવેલ. આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ **મગની નવી જાત જી. એ. એમ. ૮ (હરા મોતી)** નું નિદર્શન આ ઉનાળુ ઋતુમાં પ્રગતિશીલ **ખેડૂતશ્રી વિક્રમભાઈ વિ. રાઠવાને** આપવામાં આવેલ. આ જાતના સારા દેખાવથી અન્ય ખેડૂતોને માર્ગદર્શન મળે તે હેતુથી આ ફિલ્ડ ડે નું આયોજન કરવામાં આવેલ.

આ **ફિલ્ડ ડે** માં કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામના મુખ્ય વૈજ્ઞાનિકશ્રી ડો. એચ. સી. પરમાર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના વિભાગીય સંશોધન કેન્દ્રના **મગ** પાકના મુખ્ય વૈજ્ઞાનિકશ્રી ડો. કે. વી. પટેલ, પાક સંરક્ષણ વિષયના વૈજ્ઞાનિકશ્રી પ્રો. વી. કે. ચૌધરી અને ફાર્મ મેનેજરશ્રી પ્રો. વી. બી. પટેલની ઉપસ્થિતિમાં '૨૩' જેટલાં ખેડુતોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. આ પ્રસંગે કૃષિ સંશોધન કેન્દ્ર, જબુગામના વૈજ્ઞાનિકશ્રી પ્રો. રાજેન્દ્રભાઈ ચૌધરી પણ ઉપસ્થિત રહેલ.

સૌ પ્રથમ ડો. કે. વી. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે મગની વિવિધ જાતો અને તેની ખાસિયતો વિષે તેમજ નવી જાત **જી. એ. એમ. ૮ (હરા મોતી)** વિષે માહિતી આપેલ. ડો. એચ. સી. પરમારે આ વિસ્તારમાં મગ પાકની ખેતી અંગેના વિવિધ પાસાઓની વિગતો આપેલ. ત્યાર બાદ મગ પાકમાં રોગ/ જીવાત વ્યવસ્થાપન અને નિયંત્રણ વિષે, પ્રો. વી. કે. ચૌધરી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે તેમજ મગની નવી જાત **જી. એ. એમ. ૮ (હરા મોતી)** ની ખેતી પધ્ધતિ વિષે પ્રો. વી. બી. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે ફિલ્ડ મુલાકાતમાં સ્થળ પર ઉંડાણપુર્વક માહિતી અને માર્ગદર્શન આપેલ. પ્રો. રાજેન્દ્રભાઈ ચૌધરીએ પણ મગ પાકની ખેતી અંગે ચર્ચા કરેલ.







